ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બીઈએન-૧૦૯૦-૨૨૧૮-ન.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૮-૧૦-૧૯૯૦

વંચાણમાં લીધા :-

૧. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનો તા. ૩૦-૧૨-૮૩ નો ઠરાવ ક્રમાંક : બીઈએન-૧૪૭૭-શિ.મ.-૫૪૪૦-(૮૩)-ન,

૨. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનો તા. ૬-૨-૮૬ નો ઠરાવ ક્રમાંક : બીઈએન-૧૪૭૭-શિ.મ.-૩૭૧૬-(૮૬)-ન,

૩. ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો તા. ૩૦-૧૧-૮૯ નો પત્ર ક્રમાંક : ઉબક-૯-૧-ગવપ-૮૯-૯૦-ક-૨૫૬૬૪.

ઠરાવ :-

ઉપર આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના જુદા જુદા ઠરાવોથી ''ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ'' નો વખતો વખત રચના કરવામાં આવી હતી. છેલ્લે વિભાગના તા. ૬-૨-૮૬ ના ઠરાવથી બે વર્ષની મુદત માટે ઉક્ત બોર્ડની રચના કરવામાં આવી હતી. બોર્ડે કાર્યક્ષેત્રમાં વિસ્તારવા અને તેના બોર્ડની પુનઃરચના કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારે નીચે મુજબના સભ્યોની નિયુક્તિ કરીને '' ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ '' ની રચના કરવાનું ઠરાવેલ છે.

| | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી નવલભાઈ શાહ, | અધ્યક્ષ |
| ૨. | શ્રી મનુભાઈ પંચોલી, લોકભારતી સણોસરા | સભ્ય |
| ૩. | શ્રી રામલાલ પરીખ, ગુજરાત વિદ્યાપીઠ | '' |
| ૪. | શ્રી ગોવિંદભાઈ રાવલ, | '' |
| ૫. | શ્રી લલ્લુભાઈ મકનજી પટેલ, વલસાડ | '' |
| ૬. | શ્રીમતી કોકિલાબેન વ્યાસ બોરખડી, | '' |
| ૭. | શ્રી અનિલભાઈ ભટ્ટ, આંબલા | '' |
| ૮. | શ્રી નરસિંહભાઈ કઠોલા, ભીલ સેવા મંડળ, દાહોદ. | '' |
| ૯. | શ્રી રમેશભાઈ સંઘવી, કચ્છ | '' |
| ૧૦. | શ્રી ઘેલુભાઈ નાયક, ડાંગ | '' |

૧૧. શ્રીમતી સુભદ્રાબેન શ્રોફ, રાજકોટ. સભ્ય

૧૨. શ્રી પુરુષોત્તમભાઈ પટેલ, ગુજરાત વિદ્યાપીઠ ''

૧૩. શ્રી ધેમરભાઈ ચૌધરી, ગ્રામ ભારતી, અમરાપુર ''

૧૪. શ્રી બુધ્ધિધનભાઈ ત્રિવેદી, સી.એન. વિદ્યાલય, અમદાવાદ. ''

૧૫. શ્રી મુકુંદભાઈ ચૌધરી, ગાંધી વિદ્યાપીઠ, વેડછી. ''

૧૬. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ''

૧૭. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ''

૧૮. નાણાંકીય સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ. ''

૧૯. સંયુકત/નાયબ શિક્ષણ નિયામકશ્રી, ''
(ગ્રામ વિદ્યાપીઠનો કામગીરી સંભાળતા) સભ્યસચિવ.

૨/- આ બોર્ડના કાર્યક્ષેત્રમાં (૧) પ્રાથમિક શિક્ષણની બુનિયાદી શાળાઓ (ધો.૧ થી ૭) (૨) માધ્યમિકશિક્ષણની ઉત્તર બુનિયાદી શાળાઓ (ધો. ૮,૯,૧૦) (૩) ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી શાળાઓ (ધો. ૧૧,૧૨)(૪) પ્રાથમિક શિક્ષણના અધ્યાપન મંદિરો (પી.ટી.સી. કોલેજો) (૫) સ્નાતક બુનિયાદી અધ્યાપન મંદિરો (જી.બી.ટી.સી. કોલેજો)(૬) ગ્રામ વિદ્યાપીઠો વગેરે માટે નીચે દર્શાવેલી બાબતો અંગે જરૂરી યથાર્થ રીતે વિચારણા કરીને, તે અને જરૂર જણાયે સરકારને અથવા યથા પ્રસંગ જે તે સંસ્થાને અથવા પ્રાથમિક બોર્ડ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, કે ઉચ્ચત્ર માધ્યમિક શિક્ષણ બોર્ડને સલાહ સૂચના આપશે.

(૧) (ક) નવી સંસ્થા શરૂ કરવાની અરજી સ્વીકારશે. સ્થળતપાસ કરી વિગતવાર અહેવાલ તૈયાર કરશે. માન્યતા આપવા અંગે સરકારશ્રીને અથવા જે તે સંબંધિત બોર્ડને યોગ્ય ભલામણ કરશે.

(ખ) ચાલુ સંસ્થાની માન્યતા ચાલુ રહે તે માટેના ધોરણો ઠરાવાશે. તે ધોરણો પળાય છે કે નહિ તેની દર ત્રણ વર્ષે તપાસ કરી સરકારશ્રીને અથવા જે તે સંબંધિત બોર્ડને અહેવાલ આપશે. સરકારશ્રી અથવા જે તે સંબંધિત બોર્ડ, તે અહેવાલને આધારે સંસ્થાની માન્યતા ચાલુ રાખવી કે કેમ તેનો નિર્ણય કરશે.

(૨) બોર્ડ આપેલ શૈક્ષણિક મૂલ્યાંકન અહેવાલમાં સંસ્થા માટે કરેલાં સુચનોનો અમલ થયો કે કેમ તે જોશે, તેમજ અમલ કરવામાં આવતી મુશ્કેલીઓનું નિવારણ કરવામાં માર્ગદર્શન આપશે.

(૩) દરેક સંસ્થા દર વર્ષે પોતાના વાર્ષિક અહેવાલ બોર્ડને સરકારશ્રીને મોકલશે. તેને આધારે બોર્ડ જે તે સંબંધિત સંસ્થાને જરુરી સુચનો કરશે.

(૪) સંસ્થાના શિક્ષકો / અધ્યાપકો માટેના લાંબા અને ટુંકા ગાળાના તાલીમ શિબિરો સેમિનારો, કાર્યશિબિરો સંમેલન યોજાશે.

(૫) આવી સંસ્થાઓ માટે ઉપયોગી એવુ નિયત કાલીન કે અનિયત કાલીન સમાચારપત્ર, સામયિક કે પુસ્તકોનું પ્રકાશન કરશે.

(૬) આવી સંસ્થાઓમાં ચાલીતી સંશોધન પ્રવૃત્તિમાં મદદ અને માર્ગદર્શન આપશે.

(૭) આવી સંસ્થાઓમાં ચાલતી વિસ્તરણની પ્રવૃત્તિઓમાં મદદ અને માર્ગદર્શન આપશે.

(૮) આવી સંસ્થાઓને સરકાર તરફથી મળતા અનુદાનના ધોરણો વિષે વખતો વખત વિચારણા કરી જરુર મુજબ ફેરફારો કરવા સરકારને ભલામણ કરશે.

(૯) આવી સંસ્થાઓના અભ્યાસક્રમોની રચના કે તેમાં ફેરફારની વિચારણા કરશે અને તે અંગે સરકારને ભલામણ કરશે.

(૧૦) આવી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશના ધોરણો નક્કી કરશે/તથા પ્રવેશ કસોટીઓની પધ્ધતિ અંગે પણ સરકારને ભલામણ કરશે.

(૧૧) યોગ્ય શિક્ષણ પધ્ધતિઓ અંગે સરકારને ભલામણ કરશે.

(૧૨) લેવાનારી પરિક્ષાઓનું માળખું, પધ્ધતિ તથા પરિણામ માટે નિયમો ઘડશે અથવા ભલામણ કરશે.

(૧૩) અલગ-અલગ સ્તરની સંસ્થાઓ માટે સ્ટાફ પેટર્ન અંગે જરુરી ભલામણ કરશે.

(૧૪) આવી સંસ્થાઓમાં કામ કરતા સ્ટાફના વેતનદરો/પગાર ધોરણ તથા તેને આનુષાંગિક અન્ય સવલતો અંગે સરકારને ભલામણ કરશે.

(૧૫) સ્ટાફની આચાર સંહિતા નક્કી કરશે અને તેની સરકારને ભલામણ કરશે.

(૧૬) બોર્ડના કાર્યક્ષેત્રમાં આવેલ સંસ્થાઓ વિશે કોઈપણ નીતિ વિષયક નિર્ણય લેવા, આવી સંસ્થાઓનું શૈક્ષણિક નીરિક્ષણ કરવાનું ને તે અંગે ટીકા ટીપ્પણ કરી શકશે.

..૪..

(૧૭) બુનિયાદી શિક્ષણને લગતી સંસ્થાઓ અંગે પરીક્ષા સહિતના કોઈપણ વિષય ઉપર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આ બોર્ડનો અભિપ્રાય લઈ શકશે.

(૧૮) નાણાંકીય બાબતો અંગે પણ આ બોર્ડને જરૂરી દરખાસ્ત કરી શકાશે.

(૧૯) આ ઉપરાંત સરકારને જ્યારે પણ બોર્ડનું કાર્યક્ષેત્ર વધારવા સંબંધી જરૂર જણાય ત્યારે સોંપે તેવા વધારાના કાર્ય અંગે પણ જરૂરી અભિપ્રાય/સલાહ સુચન આપવાનો રહેશે.

૩/- આ બોર્ડનું હેડ કવાર્ટર '' ગાંધીનગર '' રહેશે.અને આ બોર્ડની પેટા-સમિતિની બેઠકોના પ્રસંગે બોર્ડના બિન સરકારી સભ્યોને ભાડા-ભથ્થું તથા દૈનિક ભથ્થુ બી.સી.એસ.આર. વોલ્યુમ-૨ના એપેન્ડીક્ષ-૪૨ વિભાગ-૧ ના નિયમ-બી મુજબ વખતો વખતના પ્રવર્તમાન ધારા ધોરણો મુજબ મળવાપાત્ર રહેશે.

૪/- આ બોર્ડની મુદત બે વર્ષની અથવા સરકાર તે અંગે વૈધાનિક બોર્ડ રચે તે બે માંથી વહેલું હોય, ત્યાં સુધીની રહેશે.

૫/- આ બોર્ડ અંગે થનાર ખર્ચ નીચેના સદરેથી મેળવવાનો રહેશે.

'' માંગણી નંબર-૯ મુખ્ય સદર-૨૨૦૨-સામાન્ય શિક્ષણ-ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ પેટા સદર (૧૩) પરચુરણ અનુદાન (માધ્યમિક શિક્ષણ નિયામકની કચેરી) (૯) સહાયક અનુદાન (ગ) અન્વયને ''

૬/- આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક : ગઉશ-૧૦૮૯-૪૮૧૦-બ ઉપર, નાણાં સલાહકારશ્રીની તા. ૧-૧૦-૯૦ ની નોંધથી મળેલ અનુમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ધી. ચં.વોરા,
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

..૫..